# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૧૦/૦૫/૨૦૨૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૨૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૮૩ લીટર દેશી દારૂ, ૨૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૨ બીયરટીન અને ૧ કાર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૭૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૨૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૬૨૫/૨૦૨૫**

**વટવાઃ** જીગ્નેશભાઇ ઘનશ્યામભાઇ પટેલ (ઉ.વ.૪૪)(રહે.શ્રીનંદ બંગલોઝ એક્સપ્રેસ હાઈવે પાસે, ન્યુ મણીનગર રામોલ) એ તા.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જુલાઇ/૨૦૨૪ થી ડીસેમ્બર/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ધિરજ પરમાર (રહે. રૂપ એવેન્યુ, રૂપવાટીકા વટવા) નાઓ જીગ્નેશભાઇ પટેલના વટવા મંથન ચાર રસ્તા પાસે આવેલ "માનસી ઓટોમોટીવ" નામના શો-રૂમ ઉપર પોતાનુ એક્ટીવા લઇ સર્વીસ કરાવવા આવતા હોઇ, "હુ આર.ટી.ઓ.માં કેસીયર તરીકે નોકરી કરુ છુ" તેમ કહી લાયસન્સ કઢાવવાનુ કહી જીગ્નેશભાઇને વિશ્વાસમાં લઇ કુલ તેર લાયસન્સ કઢાવવા પેટે જીગ્નેશભાઇ પાસેથી ઓનલાઇન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭૬,૦૦૦/- મેળવી લઇ તેમજ આર.ટી.ઓ.ની જુની ગાડી હરાજીમાંથી લેવાનુ જણાવી જીગ્નેશભાઇ પાસેથી ૧,૫૦,૦૦૦/- ચેક દ્વારા મેળવી લઇ, તેમજ એક્ટીવાની ડુપ્લીકેટ આર.સી.બુક કઢાવી આપવાનુ જણાવી રૂપિયા ૨,૦૦૦/- અને સિવિલ હોસ્પિટલમાં ફોર વ્હીલર ગાડી ભાડે મુકાવવાનુ કહી ઓનલાઇન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭૧,૦૦૦/- મેળવી લઇ, સુપ્રીટેડન્ટ સિવીલ હોસ્પીટલ અમદાવાદ શહેર નાઓના નામની સહી સિક્કાવાળી બોગસ પહોંચ અને અલોટમેન્ટ લેટર આપી તેમજ વસ્ત્રાલ આર.ટી.ઓ. કચેરીનું સિક્કાવાળુ બોગસ લાયસન્સ બનાવી આપી જીગ્નેશભાઇ પાસેથી રોકડ-ચેક થી તેમજ ઓનલાઇન મળી કુલ રૂપિયા ૪,૨૪,૦૦૦/- મેળવી લઇ જીગ્નેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૬૨૬/૨૦૨૫**

**શાહપુરઃ** ઔરંગઝેબ લીયાકતખાન પઠાણ (ઉ.વ.૪૧)(રહે.મોહમદી એપાર્ટમેન્ટ, બેલઘરવાડ શાહપુર) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૫/૨૦૨૫ રાતના ૮/૦૦ થી તા.૦૯/૦૫/૨૦૨૫ ના કલાક ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૪,૪૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૫,૧૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.ભાટીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૬૨૭/૨૦૨૫**

**વટવાઃ** દુર્ગેશ શંભુનાથ યાદવ (ઉ.વ.૨૦)(રહે.ઓમશાંતીનગર વટવા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૫/૨૦૨૫ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૫/૨૦૨૫ ના કલાક ૪/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અક્સ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિમીતભાઈ છગનભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી